વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રની મહેસુલ હેઠળની ચાલુ બાબત "પોલીસ કર્મચારીગણ અને તેઓના કુટુંબનું કલ્યાણ"ને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પરચ/૧૦૨૦૧૯/૭૨૮/ટ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૦૫ /૦૬/૨૦૨૦

વંચાણે લીધા :-
(૧) ગૃહ વિભાગનો તા.૦૧/૧૦/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકબજટ/૧૦/૨૦૧૨/૧૩૧૫૯/ટ.
(૨) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૩૧/૦૫/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:પીડબલ્યુએફ/૧૦/૨૦૧૯/૨૪૨૩૪૯/ટ.
(૩) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૮/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:પીડબલ્યુએફ/૧૦/૨૦૧૯/૫૮૫/ટ.
(૪) અંદાજપત્ર પ્રકાશન નં.૧૨, ગૃહ વિભાગનું ૨૦૨૦-૨૧ના વર્ષ માટેનું અંદાજપત્રનું પૃષ્ઠ નં. ૫૦.

પ્રસ્તાવના :-

વંચાણે લીધેલ ક્રમ : (૧) સામેના તા.૦૧/૧૦/'૧૨ના ઠરાવની જોગવાઇ મુજબ 'પોલીસ વેલ્ફેર ફંડ'માં કર્મચારીઓ ધ્વારા આપવામાં આવતા નિયત ફાળાની રકમ અથવા રૂ. ૫ કરોડ બે માંથી જે ઓછું હોય તેટલી રકમ સરકારશ્રી તરફથી Matching Share તરીકે આપવામાં આવે છે. પોલીસ કર્મચારીઓના પગારમાં થયેલ વધારા તથા કર્મચારીઓની સંખ્યામાં થયેલ ઉત્તરોત્તર વધારાને કારણે 'પોલીસ વેલ્ફેર ફંડ'માં પોલીસ કર્મચારીઓના ફાળાની રકમમાં અને પોલીસ કલ્યાણને લગતી પ્રવૃતિઓમાં પણ વ્યાપક વધારો થયેલ હોઇ વંચાણે લીધેલ ક્રમ (૩) સામેના તા:૨૮/૦૫/૨૦૨૦ના ઠરાવની જોગવાઇ મુજબ 'પોલીસ વેલ્ફેર ફંડ'માં કર્મચારીઓ તરફથી મળતા વાર્ષિક ફાળા સામે સરકાર તરફથી આપવામાં આવતાં ફાળા (Matching Share)ની મહત્તમ મર્યાદા રૂ. ૫ કરોડ (અંકે રૂપિયા પાંચ કરોડ) થી વધારી રૂ. ૭ કરોડ (અંકે રૂપિયા સાત કરોડ) કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આ બાબતનો વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં 'મહેસુલ' હેઠળની ચાલુ બાબત તરીકે "પોલીસ કર્મચારીગણ અને તેઓના કુટુંબનું કલ્યાણ" માટે બજેટ સદર "માંગણી ક્રમાંક-૦૪૩, મુખ્ય સદર-૨૦૫૫-પોલીસ, ગૌણ સદર-૧૧૩-પોલીસ કર્મચારીઓનું કલ્યાણ, પેટા સદર-૦૪-પોલીસ કર્મચારીગણ અને તેઓના કુટુંબનું કલ્યાણ" તરીકે સમાવેશ કરી, તે હેતુસર રૂ ૭ કરોડ (અંકે રૂપિયા સાત કરોડ પૂરા)ની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં 'મહેસુલ' હેઠળની ચાલુ બાબત તરીકે "પોલીસ કર્મચારીગણ અને તેઓના કુટુંબનું કલ્યાણ" માટે બજેટ સદર "માંગણી ક્રમાંક:૦૪૩, મુખ્ય સદર-૨૦૫૫-પોલીસ, ગૌણ સદર-૧૧૩-પોલીસ કર્મચારીઓનું કલ્યાણ, પેટા સદર-

૦૪-પોલીસ કર્મચારીગણ અને તેઓના કુટુંબનું કલ્યાણ" તરીકે સમાવેશ કરી, આ ચાલુ બાબત માટે કરવામાં આવેલ રૂ! ૭ કરોડ (અંકે રૂપિયા સાત કરોડ પૂરા)ની જોગવાઈને આમુખ ક્રમાંક-(૧), (૨) તથા (૩)માં દર્શાવેલ ઠરાવમાંની શરતો તથા નીચે દર્શાવેલ શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે :-

શરતો :-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે
(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.
(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.
(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૭) આ યોજનાન અમલ માટે કોઇ નવું મહેકમ ઉભું કરી શકાશે નહિ, આઉટસોર્સિંગ સેવા ભાડેથી વાહનો સા.વ.વિ. ના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવ મુજબ વખતો વખતની સૂચનાઓને આધિન રહેશે.
(૮) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૯) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોઇ તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૪/૧૦/'૧૭ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્ય પધ્ધતિને અનુસરીને E–માર્કેટપ્લેસ,(GEM) પોર્ટલ પરથી ખરીદી કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં 'મહેસુલ' હેઠળની માંગણી ક્રમાંક-૪૩, મુખ્ય સદર-૨૦૫૫-પોલીસ, ગૌણ સદર-૧૧૩-પોલીસ કર્મચારીઓનું કલ્યાણ, પેટા સદર-૦૪-પોલીસ કર્મચારીગણ અને તેઓના કુટુંબનું કલ્યાણ હેઠળની બજેટ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૩. આ અંગેના હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી (ગૃહ)ની અને અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ની તા.૦૬/૦૫/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અંકિતા મોદી)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) અગ્ર સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૯) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર
(૧૦) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૧૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), અમદાવાદ/રાજકોટ.
(૧૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ), ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર
(૧૩) નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) નાયબ સચિવશ્રી (બજેટ/જેલ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૫) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ.
(૧૬) પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર.
(૧૭) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
(૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અને અમદાવાદ.
(૧૯) રાજયના તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
(૨૦) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨૧) શાખા સિલેક્ટ ફાઇલ.
(૨૨) નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.